"દિલ્હી-પંજાબમાં ધુમ્મસે તો ભારે કરી..!!"

"આ બધું પ્રદુષણના પ્રતાપે છે..!"

"હા... હા... પ્રદુષણના કારણે છે... સો ટકા સાચી વાત છે..! પણ આનો ઉકેલ તો હોવો જોઈએ ને કંઈ..!!"

"ઉકેલ તો છે જ ને સાહેબ..! પણ નક્કર ઉકેલમાં કોને રસ છે..?! બધાં થીગડા મારે છે..! ક્યારેક વિચાર આવે એટલે ઓડ-ઈવન ફોર્મ્યુલા આવે છે... ક્યારેક સાઈક્લીંગની ફોર્મ્યુલા આવે છે..! ક્યારેક નો-વ્હીકલની ફોર્મ્યુલા આવે છે..! પણ..!!"

"અરે તમે પણ વિચારો કે રાતોરાત આટલા વ્હીકલો ઓછા કેવી રીતે કરવા..?! બેઈઝીંગને પણ આજ પ્રશ્ન સતાવે છે... જે દિલ્હીને સતાવે છે..!"

"હા... પણ બેઈઝીંગમાં કાયદા કડક કરાયા..! પાર્કીંગ હોય તેટલી જ કાર ખરીદી શકાય..! દરેક ઘરે એક જ ફોર વ્હીલર વાપરવું પડશે..! પબ્લીક ટ્રાન્સપોર્ટ વધુ સુવિધાસભર કરે જેના કારણે પ્રાઈવેટ ટ્રાન્સપોર્ટનું ભારણ ઘટે..!"

"હં...અ... એ વિચાર ઉત્તમ લાગે છે કે પબ્લીક ટ્રાન્સપોર્ટ સુવિધાસભર કરીએ તો કોઈને કાર લઈને નીકળવાની જરૂર જ ના થાય..! પણ આપણા ત્યાં દિલ્હી હોય કે અમદાવાદ, કલકત્તા હોય કે ચેન્નાઈ... પબ્લીક ટ્રાન્સપોર્ટના નામે ધાંધીયા જ છે..!!"

"ના... ના... સાવ એવું નથી..! જુઓ આ બીઆરટીએસ અને હવે મેટ્રો..! આપણા ત્યાં તો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં વિકાસ જ વિકાસ છે..!!"

"જો ભાઈ આ બધુ ભાષણમાં સારૂ લાગે છે..! આંકડા જોયા છે તમે..?! અમદાવાદની કુલ વસ્તીના દસ ટકા નાગરીકો પણ એએમટીએસ ઉપયોગ નથી કરતા..!! અને એએમટીએસનો ઉપયોગ કરનારાઓમાં ૧૦ ટકા બીઆરટીએસનો ઉપયોગ નથી કરતા..!! એટલે પહેલાં સીસ્ટમ સુધારીએ તો આપોઆપ સમસ્યા ઉકેલાશે..!!"

"ખરા છો તમે પણ..!! જાણે વિરોધપક્ષમાં હોવ તેમ દલીલો કરો છો..! આપણે પબ્લીક ટ્રાન્સપોર્ટ સુધારવા સતત પ્રયત્ન કરીએ છીએ... અને આ તો એની શરૂઆત છે..! મેટ્રોટ્રેન, બુલેટ આ બધુ જો જો ને..!!"

"આ બુલેટની તો વાત જ ના કરશો... સાહેબના સ્વપ્નો માટે બુલેટ ટ્રેન છે..! આપણા દેશની ૯૦ ટકા પ્રજાને રોટી-રહેઠાણને રોજગારીની સમસ્યા છે ત્યાં બુલેટના સ્વપ્નથી શું..?! અને તમને ખબર છે..?!

"શું ખબર આપવી છે..?!"

"આપણા દેશમાં કુલ રેલવેમાં મુસાફરી કરતાં ૫ ટકા નાગરીકોને જ શતાબ્દી ને રાજધાની પરવડે છે..! ત્યારે બુલેટની તો વાત જ ન કરતાં..!?!"

"બુલેટ તો આવતા આવશે અત્યારે તો ભારે વાહનવ્યવહારથી ઉત્પન્ન થતા ઝેરી ગેસથી સર્જાતા પ્રદૂષણને નાથવાનો વિચાર કરોને ભાઈ..!!"

"હા... સાચી વાત છે..! ખુબ જ ગંભીર પડકાર છે..! કોઈ આ

● અનુસંધાન પાન-૫ પર

કોંગ્રેસની પદયાત્રાનો પ્રારંભ - ચૂંટણીના કાઉન્ટ-ડાઉન સાથે રાજકીય પક્ષોએ પ્રચાર અભિયાન આરંભી દીધા છે... ભાજપના મહાસંપર્ક અભિયાનની સાથો સાથ પાટનગરમાં કોંગ્રેસ દ્વારા પણ જનસંપર્ક પદયાત્રા આરંભાઈ હતી... સેક્ટર-૨૨ પંચદેવ મંદિરથી આરંભાયેલ પદયાત્રામાં વોર્ડ નં.૩ના વિસ્તારોમાં મતદારોનો સંપર્ક કરાયો હતો.

સે. ૨૨ અને ૬માંથી ડેન્ગ્યુના બે દર્દી મળ્યા

શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૪૮ પર પહોંચી, બેવડી ઋતુ રોગચાળાને પ્રોત્સાહક હોવાનું પ્રાથમિક અનુમાન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓની સંખ્યામાં સતત થઈ રહેલા વધારાથી આરોગ્ય તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે પણ શહેરમાંથી વધુ બે કેસ ડેન્ગ્યુના મળતાં શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૪૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૨૨ અને સે. ૬માંથી બે દર્દીઓ આ રોગના મળી આવ્યા છે. રોજેરોજ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી દર્દીઓ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૨માંથી મહિલા દર્દીને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો છે જ્યારે સે. ૬માં પુરૂષ દર્દીને ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનું પરીક્ષણમાં જણાયુ હતુ.

બેવડી ઋતુ ધરાવતુ હવામાન રોગચાળાને પ્રોત્સાહક બની રહી હોવાનું અનુમાન છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૬માં એક્ઝીબીશન સેન્ટરમાંથી દર્દી મળી આવ્યો છે. તો સે. ૨૨ની મહિલા દર્દી ગૃહીણી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના નિવાસસ્થાને એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરી કરી દેવામાં આવી છે તેમજ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવેલ છે પરંતુ કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નહિ હોવાનું જાણવા મળેલ છે.

૨૧ ફલાઈંગ સ્કવોડ અને ૨૧ વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત

ઉપરાંત પાંચ ટીમો વિડીયો વ્યુઅર્સ ટીમો જિલ્લામાં કાર્યરત : આચારસંહિતા ભંગની ફરિયાદ મળી નથી : જનસંપર્ક અભિયાન પર વી.એસ. ટીમ નજર રાખી રહી છે : જાડેજા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતાની અપસવારી માટે ફલાઈંગ સ્કોર્ડની ૨૧ અને વિડીયો સર્વેલન્સની ૨૧ ટીમો તેમજ વિડીયો વ્યુર્સની પાંચ ટીમો કાર્યરત કરી દેવામાં આવી છે.

જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી સતીશ પટેલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં આવતી પાંચ વિધાનસભા બેઠકોની સામાન્ય ચૂંટણી દરમિયાન જિલ્લામાં ગેરકાયદેસર નાણાંની હેરફેર અને મતદારોને પ્રલોભન સ્વરૂપે વસ્તુ નાણાંની હેરફેર રોકવા માટે જિલ્લા તંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન

● અનુસંધાન પાન-૫ પર

એસ ટી ડેપોમાં ભરતીના અંતે પણ ૧૪ ડ્રાઈવર અને ૨૩ કંડકટરની ઘટ

ગાંધીનગર તા.૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં હજુ પણ ડ્રાઈવર કંડકટરની ઘટ છે. થોડા સમય અગાઉ હાથ ધરાયેલી ભરતી પ્રક્રીયાના અંતે ડેપોમાં ૩૬ ડ્રાઈવર તેમજ ૨૭ કંડકટરની ભરતી કરવામાં આવી હતી. જયારે આ ભરતીના અંતે મોટાભાગની ઘટ પુરાતા બસોનુ સંચાલન સરળ બન્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે હાલ પણ ડેપોમાં ૧૪ ડ્રાઈવર તેમજ ૨૩ કંડકટરની ઘટ છે. જો કે નવી ભરતીના અંતે સ્ટાફ કામે લાગી જતા ટ્રીપોનુ સંચાલન પણ યોગ્ય રીતે થઈ રહયુ હોવાનુ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમા છેલ્લા ઘણાં સમયથી ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા પણ અનિયમિત હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. ડ્રાઈવર કંડકટરની ઘટ

અગાઉ ભરતી કરાયા બાદ બસોનુ સંચાલન સરળ થયુ : ભરતીના અંતે પણ ઘટનો પ્રશ્ન યથાવત

ના લીધે એસ ટી બસનુ સંચાલન પણ પ્રભાવિત થયુ હતુ. સેકટરોમાં સ્ટેન્ડ પર ઉભા રહેતા આમ નાગરિકોને સમયસર બસ ન મળતા હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે સરખેજ રૂટની બસો પણ સમય મુજબ ઉપલબ્ધ ન થતા મુસાફરોએ ખાનગી વાહનોમાં ધક્કે ચઢવાનો વારો આવે છે. જો કે એસ ટી નિગમ દ્વારા થોડા સમય અગાઉ જ ડ્રાઈવર કંડકટરની ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે એસ ટી ડેપોમાં ૩૬ ડ્રાઈવર તેમજ ૨૭ કંડકટરની ભરતી કરવામાં આવી હતી. ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ભરતીના અંતે એસ ટી ની બસોનુ સંચાલન વધુ સરળ બન્યુ હોવાનુ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. એસ ટી બસો સમયસર અને નિયમિત દોડતી હોવાનુ પણ ડેપો તંત્રએ જણાંવ્યુ છે. પરંતુ હજુ પણ એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ છે. હાલની સ્થિતિએ પણ ડેપોમાં ૧૪ડ્રાઈવર તેમજ ૨૩ કંડકટરની ઘટ છે. જેના લીધે પુર્ણ રીતે બસોનુ સંચાલન કરવાનુ સરળ બન્યુ નથી. સેકટરોમાં હજુ પણ એસ ટી બસો નિયમિત ન મળતી હોવાની ફરિયાદો કાને અથડાય છે. જો કે આગામી તબક્કામાં સ્ટાફની ઘટ પુરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

સેબીએ રૂપાણીને ૧૫ લાખનો દંડ ફટકાર્યો

ન્યુ દિલ્હી, તા.૯

સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ૨૨ સંસ્થાઓ અને વ્યક્તિઓને સારંગ કેમિકલ્સમાં વ્યાપારમા હેરાફેરી દોષિત ઠેરવ્યા છે. તેમાં ગુજરાતના મુખ્યંમંત્રી વિજય રૂપાણીના હિન્દુ અવિભાજિત પરિવાર (એચયૂએફ) નો પણ સમાવેશ થાય છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડમાં પ્રકાશિત અહેવાલ અનુસાર સેબીને તપાસમાં જાણવા મળ્યું કે, ૨૨ એકમ એકબીજા સાથે જોડાયેલ છે અને તેના પર કુલ ૬.૯ કરોડ રૂપિયાનો દંડ ફટકારવવામાં આવ્યો છે. રૂપાણીના એચયૂએફ પાસેથી ૧૫ લાખ રૂપિયાનો દંડ વસુલવામાં આવશે. ત્રણ અન્ય વ્યક્તિઓ પાસેથી ૭૦-૭૦ લાખ રૂપિયા અથવા તેનાથી વધારે રકમ વસુલવામાં આવશે.

સેબીનું કહેવું છે કે, દંડની રકમ ઉલ્લંઘનને અનુરુપ જ છે. આ ૨૨ નામોમાં બે બ્રોકર છે, જેના દ્વારા કારોબાર કરવામાં આવ્યો હતો. એ બન્ને પાસેથી ૮-૮ લાખ રૂપિયાનો દંડ વસુલવામાં આવશે. કથિત રીતે હેરાફેરી જાન્યુઆરી, ૨૦૧૧થી જૂન, ૨૦૧૧ની વચ્ચે કરવામાં આવી.

● અનુસંધાન પાન-૫ પર

અમદાવાદમાં સ્મૃતિ ઈરાની મહાસંપર્ક અભિયાનમાં જોડાયા

વડાપ્રધાન દ્વારા લખાયેલી પ્રતિઓ પણ વહેંચી : જોધપુર વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચારને સારો પ્રતિસાદ મળ્યો

અમદાવાદ, તા.૯

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે જોધપુર વોર્ડમાં ગુજરાત ગૌરવ

મહાસંપર્ક અભિયાનના ભાગરુપે ડોર ટુ ડોર પ્રચારમાં જોડાઈને લોકોનો સંપર્ક કર્યો હતો. સ્મૃતિ ઈરાનીએ આ ગાળા દરમિયાન મહિલાઓ સાથે વાતચીત કરી હતી. સ્મૃતિ ઈરાનીએ અનેક સોસાયટીની મુલાકાત લીધી હતી. લોકોને સીધીરીતે મળ્યા હતા. સ્મૃતિઈરાનીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખવામાં આવેલી પ્રતિ પણ લોકોને સોંપી હતી.

સ્મૃતિ ઈરાનીના ડોર ટુ ડોર પ્રચારને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. અમદાવાદ શહેરની મુલાકાતે આવેલા કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા આજે જનસંપર્ક અભિયાન હેઠળ જોધપુર વોર્ડની મુલાકાત લેવામા આવી તે સમયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નબળી કામગીરી મામલે ફરિયાદ કરવામા આવતા તેમને સ્થાનિક કોર્પોરેટરને આ બાબતે ઘટતી કાર્યવાહી કરી સમસ્યાનુ નિરાકરણ લાવવા અપીલ કરવી પડી હતી.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી આગામી માસમાં યોજાનાર છે આ અગાઉ અમદાવાદ શહેરમા ભાજપ આયોજિત જનસંપર્ક અભિયાન હેઠળ પ્રચાર-પ્રસાર માટે આવેલા કેન્દ્રીય કાપડ મંત્રી શહેરના જોધપુર વોર્ડની મુલાકાતે પહોંચ્યા હતા.જ્યાં તેમના દ્વારા ડોર ટુ ડોર જનસંપર્ક કરવામા આવ્યો હતો. આ સમયે આસુતોષ ભટ્ટ નામના એક પ્રોઢ દ્વારા કેન્દ્રીય મંત્રી સમક્ષ એવી રજુઆત કરવામા આવી હતી કે,સ્થાનિક કોર્પોરેટરો અને અધિકારીઓ સમક્ષ વારંવાર રજુઆત કરવામા આવી હોવા છતાં પણ અહીં રોડની કામગીરી પુરી કરવામા આવી નથી. આ વાત સાંભળી ચોંકી ઉઠેલા કેન્દ્રીય મંત્રીએ તરત જ સ્થાનિક કોર્પોરેટરને બોલાવી આ મામલે જે કાંઈ પણ ઘટતી કાર્યવાહી કરવી પડે એ તરત કરી સમસ્યાનુ નિરાકરણ લાવવા અપીલ કરવી પડી હતી.

અમે ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠક મેળવીશું : રૂપાણી

વડોદરા, તા.૯

ગુજરાત વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ વડોદરામાં રાજકીય આગેવાનોની અવરજવર વધી ગઈ છે. સીએમ વિજય રૂપાણી આજે વડોદરાના ન્યૂ સમા રોડ વિસ્તારમાં ફરી નાગરિકો સાથે જનસંપર્ક કર્યો હતો.

આ પ્રસંગે વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે, અમે આ ચૂંટણીમાં ૧૫૦થી વધુ બેઠકો મેળવીને કોંગ્રેસને ઉખાડીને ફેંકી દઈશું. વિધાનસભા ચૂંટણીના ભાગરૂપે આજે સીએમ વિજય રૂપાણી વડોદરાની મુલાકાતે છે.

સીએમ વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ જાતિવાદની રાજનિતી રમી રહ્યુ છે તે અમે નહીં ચલાવી લઈએ અને પ્રજા પણ હવે સમજી ગઈ છે. કોંગ્રેસ પાટીદારોને અનામતના મામલે ઉલ્લુ બનાવી રહી છે.

કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી ટૂંકમાં જાહેર થઈ શકે

ગુજરાત કોંગ્રેસના નેતાઓ ફરી દિલ્હી પહોંચ્યા : શુક્રવારે દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટીની બેઠક : ઉમેદવારોના નામ, પાટીદારોના અનામત સહિતના મુદ્દે મહત્વની ચર્ચા

અમદાવાદ,તા.૯

ગુજરાત કોંગ્રેસના નેતાઓ ફરી દિલ્હી પહોંચ્યા છે. ઉમેદવારોની પસંદગી, પાટીદારોની ઓબીસીમાં અનામતની માંગણી સહિતના મુદ્દાઓને લઈ રાષ્ટ્રીય નેતા અને હાઈકમાન્ડ સાથે ચર્ચા વિચારણા માટે ગુજરાત કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ આજે દિલ્હી પહોંચ્યું હતું. જે દિલ્હીમાં આવતીકાલે મળનારી કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં પણ ભાગ લેશે અને ખાસ કરીને ઉમેદવારોની પસંદગીના મુદ્દે કવાયત હાથ ધરશે. કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી હવે ટૂંક સમયમાં જાહેર કરાય તેવી પણ શકયતાઓ પ્રબળ બની છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો આજે દિલ્હી જવા રવાના થયા હતા, તેઓ દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓની સાથે સાથે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ, કપિલ સિબ્બલ, ગુજરાતના

● અનુસંધાન પાન-૫ પર

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ
શ્રધ્ધાંજલિ

એક ચહેરો જે દૃષ્ટિમાંથી ભુલાય નહિ,
એક વ્યક્તિત્વ જે વિસરાય નહિ,
એક હૂંફ જે હવે મળશે નહિ,
એવા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ.શ્રી રાણા મનુભા ફતેસિંહ
સ્વ. તા. ૧૦-૧૧-૨૦૧૬ (મું. ધણપ, તા.જી. ગાંધીનગર)

રાણા રામસિંહ ફતેસિંહ (ભાઈ) (પોલીસ સબ ઈન્સ્પેક્ટર)
રાણા હિતેન્દ્રસિંહ રામસિંહ (ભત્રીજા)
રાણા ધર્મેન્દ્રસિંહ રામસિંહ (ભત્રીજા)(UK)
લી
રાણા મહેન્દ્રસિંહ મનુભા (પુત્ર) (પૂર્વ મેયર, ગાંધીનગર મ.ન.પા)
રાણા પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ (પૌત્ર)
રાણા જયસિંહ હિતેન્દ્રસિંહ (ભત્રીજા)
સમસ્ત વિસતરાજ પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com